# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-07-2024** **Evening : 7.10 to 7.20pm**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

- આર્થિક સર્વેક્ષણમાં નાણાકીય વર્ષ 2024-25 માં ભારતનો જીડીપીનો વૃધ્ધિ દર 6.5 ટકાથી સાત ટકા રહેવાનો અંદાજ વ્યક્ત કરાયો. - આવતીકાલે અંદાજપત્ર રજૂ થશે
- બાંગ્લાદેશમાં હિંસા વચ્ચે અટવાઈ ગયેલા રાજ્યના 14 વિદ્યાર્થી સલામત વતન પરત ફર્યા
- ભૂતાનના રાજા અને પ્રધાનમંત્રીએ સ્ટેચ્યૂ ઑફ યુનિટીની મુલાકાત લીધી
- મકાઈના પાકને રોગમુક્ત રાખવા ખેતી નિયામકે માર્ગદર્શિકા જાહેર કરી.
- રાજ્યમાં ચાંદીપુરા વાઈરસના કારણે વધુ 3 બાળકના શંકાસ્પદ મોત
- રાજ્યમાં સાર્વત્રિક વરસાદ- સૌરાષ્ટ્રમાં મેઘમહેર યથાવત, દ્વારકાના કલ્યાણપુરમાં 11 ઇંચ વરસાદ ખાબક્યો.

---------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# ECONOMIC SURVEY

આજથી સંસદના બજેટ સત્રનો પ્રારંભ થયો છે. આવતી કાલે નાણાકીય વર્ષ 2024-25નું બજેટ રજૂ કરતાં પહેલાં કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારમણે આજે લોકસભામાં વર્ષ 2023-24નું આર્થિક સર્વેક્ષણ રજૂ કર્યું. નાણાકીય વર્ષ 2024-25માં વાસ્તવિક જીડીપીનો વૃધ્ધિ દર 6.5 ટકાથી સાત ટકાનો અંદાજવામાં આવ્યો છે.

સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે, અનિશ્ચિત વૈશ્વિક આર્થિક સ્થિતિ છતાં નાણાકીય વર્ષ 2023-24માં સ્થાનિક વૃધ્ધિનાં ચાલક બળોએ ભારતની આર્થિક વૃધ્ધિને ટેકો આપ્યો હતો.

ચાલુ નાણાકીય વર્ષમાં 4.5 ટકા અને આગામી નાણાકીય વર્ષમાં 4.1 ટકા ફુગાવો રહેવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો છે.

સર્વેમાં જણાવ્યા પ્રમાણે ચીજવસ્તુઓ અને સેવાઓમાં વધારો થવાની સંભાવના છે. હવામાન વિભાગની સામાન્ય વરસાદની આગાહી અને નૈઋત્યના ચોમાસાનાં સંતોષજનક વ્યાપને પગલે કૃષિ ક્ષેત્રનો દેખાવ સુધરવાની અને ગ્રામીણ માગમાં વધારો થવાની સંભાવના છે.

------------------

**GIDC DAHEJ CHAIRMAN SUNIL BHATT**

લોકસભામાં કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ આવતીકાલે વર્ષ 2024-25 માટેનું અંદાજપત્ર રજૂ કરશે. આ અંદાજપત્રમાં ગુજરાતના ભરૂચમાં આવેલા કેમિકલ ઉદ્યોગોની શું અપેક્ષાઓ છે.. આ અંગે વાત કરતાં દહેજ ઔદ્યોગિક મહામંડળના પ્રમુખ સુનિલ ભટ્ટે આ મુજબ જણાવ્યું.....

(બાઇટ- સુનીલ ભટ્ટ, પ્રમુખ)

*(રીન્યુએબલે એનર્જિ જેમકે સોલર અને ગેલ જ્યારે કોઈપણ રાજયમાં એને સ્થાપન કરવાની એને પરમિશન આપવામાં આવે ત્યારે કોઈપણ જાતનો એમા સર્વિસ ચાર્જ ના હોય અને એનો જે લોસ હોય એ આવનાર પાંચ વર્ષ સુધી ના લે એવી પ્રોત્સાહિત સ્કીમ આપવામાં આવે એ ઇન્વેસ્ટરો માટે બહુ સાનુકુળ રહેસે તદ્દપરાંત દહેજ એ ઇસીપીઆર જોન છે અને અહિયાં એક કોમન કાર્ગો ટર્મિનલ સ્થાપવામાં આવે એ સરકાર દ્વારા એવી એક લાગણી છે કારણકે અહિયાં કોઈપણ મટીરિયલ મોકલવું હોય તો મુંદ્રા, નવશિવા મુંબઈ અથવા તો હજીરા પોર્ટ જવું પડે છે તેનાથી ટ્રાન્સપોર્ટેશનની કોસ્ટ તો થાય જ છે પણ સાથે સાથે ટ્રાફિકની બહુ મોટી સમસ્યા પણ સર્જાય છે એવા સંજોગોમાં ઇકોનોમી વાયાબિલિટી માટે અગર આ કાર્ગો ટર્મિનલ દહેજમાં બનાવવામાં આવે તો એ ઘણો ફાયદાકારક રહેશે. )*

..................................

## Bagladesh Gujarati students

બાંગ્લાદેશમાં ચાલી રહેલી હિંસા વચ્ચે અટવાઈ ગયેલા રાજ્યના 14 વિદ્યાર્થીઓ કેન્દ્ર અને રાજ્યસરકારના પ્રયાસોના પગલે સલામત વતન પરત ફર્યા છે. જ્યારે અન્ય 11 વિદ્યાર્થીઓને પરત લાવવા માટેનાં પ્રયાસો ચાલુ છે. સત્તાવાર યાદીના જણાવ્યા મુજબ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે બિનનિવાસી ગુજરાતી ફાઉન્ડેશનને આપેલી સૂચનાના પગલે ફસાયેલા વિદ્યાર્થીઓની વિગતો મેળવવા હેલ્પલાઇન નંબર-99784 30075 જાહેર કરવામાં આવ્યો છે.

આજે પરત ફરેલા વિદ્યાર્થીઓમાં ભરૂચના-7, અમદાવાદ અને ભાવનગરના-2-2 તથા અમરેલી, મહેસાણા તથા પાટણના 1-1, એમ કુલ-14 વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

-------------

## BHUTAN KING AND PM VISIT SoU

ભૂતાનના રાજા જીગ્મે ખેસર નામગ્યેલ વાંગચૂક અને પ્રધાનમંત્રી શ્રી શેરિંગ તોબગેએ આજે એકતાનગર ખાતે સ્ટેચ્યૂ ઑફ યુનિટીની મુલાકાત લીધી હતી. ભૂતાનના રાજા સાથેના પ્રતિનિધિમંડળનું ભૂતાનના પરંપરાગત વસ્ત્ર પરિધાનમાં અન ગરબાની પ્રસ્તુતિ સાથે સ્વાગત કરવામાં આવ્યું. તમામ મહાનુભાવોને વૉલ ઑફ યુનિટીથી માહિતગાર કરાયા હતા.

ત્યારબાદ સ્ટેચ્યૂ ઑફ યુનિટીના માર્ગદર્શકે મહાનુભાવોને ભારતની સ્વાતંત્ર્ય ગાથા અને ભારતની એકતા માટે લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલના યોગદાનની વિસ્તૃત વિગત પૂરી પાડી હતી. શ્રી વાંગચૂક અને પ્રધાનમંત્રીશ્રીએ વ્યૂઈંગ ગેલેરીથી વરસાદી માહોલ વચ્ચે સરદાર સરોવર ડેમનો નજારો નીહાળ્યો હતો. બાદમાં શ્રી વાંગચૂકે મુલાકાતી પોથીમાં કરેલી નોંધમાં લખ્યું કે "ભારતને શુભકામના અને સ્મરણ"

ઉલ્લેખનીય છે કે કોઇ પણ દેશના રાજા અને પ્રધાનમંત્રીની એક સાથે સ્ટેચ્યુ ઓફ યુનીટીની આ પહેલી મુલાકાત છે.

મહાનુભાવોની મુલાકાત દરમિયાન રાજ્ય મંત્રી જગદીશ વિશ્વકર્મા સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

-----------------

## KHEDUT MARGDARSHIKA

રાજ્યમાં મકાઈ પાકને રોગમુક્ત રાખવા ખેતી નિયામકની કચેરીએ ખેડૂતો માટે માર્ગદર્શિકા જાહેર કરી છે. આ માર્ગદર્શિકા મુજબ, ખેડૂતોએ મકાઈના પાકને પાનના સુકારા તેમ જ તડછારો જેવા રોગથી રક્ષણ આપવા રોગમુક્ત બિયારણ ઉપયોગમાં લેવું જોઈએ. તેમ જ મકાઈની રોગ પ્રતિકારક જાતોનો ઉપયોગ કરવો જોઈએ. સાથે જ દર વર્ષે પાકની ફેરબદલી કરવી પણ હિતાવહ હોવાની સલાહ આપવામાં આવી છે.

ખેતી નિયામક કચેરીની યાદીમાં જણાવ્યા અનુસાર, ખેડૂતોએ મકાઈની ગંગા સફેદ-2, 11, ગુજરાત મકાઈ-2, 4, 6, નર્મદા મોતી, ગંગા-5, ડેક્કન-10, શ્વેતા, નવીન અને જવાહર જેવી રોગ પ્રતિકારક જાતોની વાવણી કરવી જોઈએ. મકાઈમાં ઈયળના નિયંત્રણ માટે મગ, અડદ, તુવેર અને ચોળા આંતરપાક તરીકે વાવવા જોઈએ.

----------------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

....................................

# CHANDIPURA OVER ALL

રાજ્યમાં આજે ચાંદીપુરા વાઇરસને કારણે વધુ ત્રણ બાળકનાં શંકાસ્પદ મોત થયા છે. આ સાથે જ મૃત્યુઆંક ૩૦ થી વધુ થયો છે. હાલમાં રાજ્યમાં ચાંદીપુરાના શંકાસ્પદ કુલ 84 કેસ છે.

બનાસકાંઠાના સુઈગામ, રાજકોટમાં ગોંડલ તાલુકાના રાણસીકી તથા સુરતમાં 1-1 બાળકનાં મોત નીપજ્યાં  છે.

સુરતમાં ચાંદીપુરા શંકાસ્પદ કેસમાં 11 વર્ષીય બાળકીનું જ્યારે રાજકોટમાં ગોંડલ તાલુકાના ગ્રામ્ય વિસ્તારના 7 વર્ષના બાળકનું આજે સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

આ ઉપરાંત બનાસકાંઠાના સુઈગામમાં ચાંદીપુરાના શંકાસ્પદ દર્દી તરીકે, સારવાર હેઠળ રહેલા દર્દીનું આજે હોસ્પિટલમાં મોત થયું છે.

સુરેન્દ્રનગર જિલ્લામાં દસાડા તાલુકાના ખારાઘોડા જૂના ગામ, મૂળી તાલુકાના લિયા ગામ અને ચુડા ગામમાં ચાંદીપુરા વાયરસ શંકાસ્પદ કેસ નોંધાયા હતા. જેને પગલે ત્રણેય તાલુકામાં 255 જેટલી આરોગ્ય ટુકડી દેખરેખની કામગીરી કરી રહી છે.

મહેસાણામાં પણ ચાંદીપુરા વાઈરસને અટકાવવા જિલ્લાની 477 આરોગ્યની ટુકડીએ 243 ગામમાં 1 લાખ 54 હજાર 786 ઘરોમાં સર્વે કર્યો હતો.

-----------------------

# RAIN OVERALL DISTRICT - 1

રાજ્યમાં આજે સાર્વત્રિક વરસાદ નોંધાયો છે. સત્તાવાર આંકડા મુજબ આજે સાંજે 6 વાગ્યા સુધીમાં રાજ્યના 147 જેટલા તાલુકાઓમાં હળવોથી ભારે વરસાદ નોંધાયો છે. દેવભૂમિ દ્વારકાના કલ્યાણપુર ખાતે આજે રાજ્યનો સૌથી વધુ 11 ઇંચ વરસાદ ખાબક્યો છે. આ ઉપરાંત સૌરાષ્ટ્રના માણાવદર, વીસાવદર, માળિયા હાટિના, દ્વારકા , ઉપલેટા પંથકોમાં પાંચ ઇંચથી વધુ વરસાદ નોંધાયો છે. દક્ષિણ ગુજરાતના પલસાણા, બારડોલી, કામરેજ, કપરાડા, માંડવી, વાપી સહિતના પંથકોમાં પણ ચાર ઇંચથી વધુ વરસાદ થયાના અહેવાલ છે.

દેવભૂમિદ્વારકા જિલ્લામાં કલ્યાણપુર તાલુકાના પાનેલી ગામ ભારે વરસાદના કારણે બેટમાં ફેરવાઈ ગયું હતું. અહીં રાષ્ટ્રીય આપદા પ્રતિભાવ દળ એટલે કે, NDRFની ટુકડીએ તાત્કાલિક પહોંચી વાડી વિસ્તારમાં ફસાયેલા ત્રણ ખેડૂતને બચાવી લીધા હતા. વાયુસેનાના હેલિકૉપ્ટર દ્વારા બચાવ કામગીરી કરવામાં આવી હતી.

સૌરાષ્ટ્રમાં ભારે વરસાદના કારણે જામનગર જિલ્લાનો રૂપાવટી ડેમ 80 ટકા ભરાઈ જતાં નીચાણવાળા ગામના લોકોને નદીના પટમાં અવરજવર ન કરવા અને માલ-મિલકતને સલામત સ્થળે ખસેડવા અપીલ કરવામાં આવી છે.

જૂનાગઢ જિલ્લામાં આજે સાર્વત્રિક વરસાદ નોંધાયો છે,... અહેવાલ આપે છે અમારા પ્રતિનિધિ સંજીવ મહેતા,....

(બાઇટ- સંજીવ મહેતા, પીટીસી, જૂનાગઢ)

પોરબંદરના અમારા પ્રતિનિધિ મહેશ લુક્કા જણાવે છે કે, ખંભાળા અને ફોદાળા ડેમ સંપૂર્ણ ભરાઈ જતાં આસપાસના 14 જેટલા ગામને અલર્ટ કરાયા છે.

# SURAT FLIGHT LANDING

વરસાદના પગલે રાજ્યમાં હવાઇ સેવા પણ અસરગ્રસ્ત થઇ છે. સુરતના હવાઈમથક ખાતે ખાનગી કંપનીના વિમાનના પાયલટે ઓછી વિઝિબલિટી વચ્ચે પણ વિમાનનું સફળ ઉતરાણ કરાવ્યું હતું. ઈન્દોરથી સુરત આવી રહેલું આ વિમાનને ભારે વરસાદના કારણે ઉતરાણમાં મુશ્કેલી થઈ રહી હતી. દરમિયાન એક કલાક હવામાં વિમાન ફેરવ્યા બાદ સલામત રીતે વિમાનનું ઉતરાણ કરાવનારા પાયલટની સમયસૂચકતાને યાત્રિઓએ બિરદાવી હતી.

-------------------------

# RAIN AAGAHI

રાજ્યમાં આવતીકાલે દેવભૂમિદ્વારકા, પોરબંદર, જુનાગઢ, ગીરસોમનાથ, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગરહવેલીમાં વરસાદનું રેડ અલર્ટ જાહેર કરાયું છે. જ્યારે 24 જુલાઈએ અમરેલી, ગીરસોમનાથ, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગરહવેલીમાં વરસાદનું રેડ અલર્ટ જાહેર કરાયું છે. આવતીકાલે જામનગર, રાજકોટ, અમરેલી, ભાવનગર, ભરૂચ, સુરત, તાપી અને ડાંગ જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. જ્યારે 24મીએ રાજકોટ, જુનાગઢ, ભાવનગર, સુરત, તાપી અને ડાંગમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી છે.

-----------------

# NEWS IN BRIEF

**હવે રાજ્યના કેટલાક સમાચાર સંક્ષિપ્તમાં....**

- સિલ્વાસા ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી ખાતે એલ.એલ.બી. અને એલ.એલ.એમ.ના બીજી બેચના નવા વિદ્યાર્થીઓને આવકારવા માટે પ્રિ-ફ્રેશર્સ વીકની ઉજવણી કરવામાં આવી
- મહીસાગરમાં ઓછા વરસાદને કારણે જિલ્લા કોંગ્રેસે સિંચાઈ માટે પાણી અને વિજળીની માગને લઈ જિલ્લા કલકેટરને આવેદનપત્ર આપ્યું
- પંચમહાલના પાવાગઢ અને તાજપુરા નારાયણ ધામ ખાતે ગુરૂપૂર્ણિમા નિમિત્તે શ્રદ્ધાળુઓએ પાદુકા પૂજન, ગુરૂ પૂજન, આરતી, મહાપ્રસાદી, ભજન, સત્સંગ તેમજ દર્શનનો લ્હાવો લીધો.
- મહીસાગરના લુણાવાડા-મોડાસા હાઇવે પર અકસ્માતમાં કારચાલકનું ઘટનાસ્થળે મોત, અન્ય 2 વ્યક્તિ ઇજાગ્રસ્ત
- ગાંધીનગર સ્ટેટ મોનિટરીંગ સેલે રાજ્યના નાસતા-ફરતા 9 આરોપીઓ માટે વોરંટ જાહેર કર્યું.
- વલસાડ શહેરના મોગરાવાડીના દેસાઈવાડ વિસ્તારમાં એક જર્જરિત મકાન ધરાશાયી થતા 2 કાર અને 3 મોપેડ કાટમાળ નીચે દબાઈ ગયા
- વલસાડના કપરાડા તાલુકાના માંડવા ગામમાં એક અકસ્માતમાં એક વ્યક્તિનું મોત નીપજ્યું.
- નર્મદા અને તાપી જિલ્લાના નર્મદા સાહિત્ય સંગમ દ્વારા આયોજિત "વરસાદના વધામણા"- કવિ સંમેલન અને સાહિત્યગોષ્ઠી યોજાયું.
- ડાંગ જિલ્લાની નવી નિમણુંક પામેલ આંગણવાડી તેડાગર બહેનો માટે રસોઇની તાલીમ યોજાઇ.

- દેશનાં સર્વોચ્ચ નાગરિક પુરસ્કારો પદ્મ વિભૂષણ, પદ્મ ભૂષણ અને પદ્મશ્રી માટે ઓનલાઈન નામાંકનની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. નામાંકન માટેની છેલ્લી તા.૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૪ છે.

------------------